અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારો સામે
અપાતી નાણાંકીય સહાયના દરોમાં વધારો
કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- હસલ/૧૨૨૦૧૬/૭૦૦૩૧૪/હ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૭/૦૪/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૮/૧૧/૧૯૯૫ નો ઠરાવ ક્ર: હસલ/૧૦૯૪/આઇ.૨૪/હસેલ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીની તા. ૧૪/૦૪/૨૦૧૬ અધિસૂચના ક્રમાંક: જીએસઆર. ૪૨૪(ઇ).

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૨૧/૧૧/૨૦૧૬ ના પત્ર ક્ર: અજાક/છ-૧/૨૪૪/૨૦૧૬/૭૪૯૭-૯૮

(૪) આ વિભાગનો તા. ૨૯/૦૪/૨૦૧૫ ના ઠરાવ ક્ર: હસલ/૧૦૨૦૧૪/૮૧૬૩૯૧/હ.

આમુખ:-

અનુસૂચિત જાતિઓ / જનજાતિઓ સિવાયના ઇસમો દ્વારા થતા અત્યાચારના કિસ્સામાં જુદા જુદા પ્રકારના અત્યાચારો સામે વંચાણે લીધેલ ક્ર: ૪ ના તા. ૨૯/૦૪/૨૦૧૫ ના ઠરાવથી જુદા જુદા દરે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

ઠરાવ:-

તાજેતરમાં ભારત સરકારે અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારો અટકાવવાનો અધિનિયમ ૧૯૮૯ (૧૯૮૯નો ૩૩મો) ની કલમ-૨૩ પેટા કલમ-૧ થી મળેલ સત્તા અન્વયે વંચાણે લીધેલ ક્ર: ૨ ઉપરની તા. ૧૪/૦૪/૨૦૧૬ ની અધિસૂચનાથી અત્યાચારો સામે અપાતી નાણાંકીય સહાયના દરોમાં વધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્ર: ૨, ૩ અને ૪ ધ્યાને લઇ સક્રીય વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને વિગતવાર સહાયના નવા દરો એનેક્ષર-૧ મુજબ અમલમાં મુકવાનું ઠરાવે છે. તથા આ માટે સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં રૂા ૭૦૮.૨૫ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન મંજૂર કરવાનું ઠરાવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળનાર ફાળાની રકમ સમયમર્યાદામાં મેળવી લેવાની નિયામકશ્રીએ કાળજી રાખવાની રહેશે અને યોજનાના અમલ સંદર્ભે ભારત સરકારની મંજૂરી મેળવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯૫ મુખ્ય સદર ૨૨૨૫, અનુસૂચિત જાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ૮૦૦ અન્ય ખર્ચ સબ હેડ (૩) બીસીકે-૬૦ (કે.પુ.યો.) નાગરિક સેલ ખાતે ઉધારવું અને જે તે વર્ષે મંજુર થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૪/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિષ્ણુ પટેલ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણ: (એનેક્ષર-૧ મુજબ)

પ્રતિ,
- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.સર્વેમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર. (તાબા હેઠળની સંબંધીત કચેરીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ)
- એકાઉન્ટન્ટ,જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકાશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ

''એનેક્ષર-૧

[જુઓ નિયમ ૧૨(૪)]

રાહત અંગેની રકમના ધોરણો

| અનુક્રમાંક | ગુનાનું નામ | રાહત અંગેની ઓછામાં ઓછી રકમ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | અખાદ્ય અથવા ધૃણાસ્પદ પદાર્થ આપવા [અધિનિયમની કલમ ૩(૧)(ક)] | ભોગ બનનારને એક લાખ રૂપિયા. તે સમયે ભોગ બનનારને નીચે પ્રમાણે ચુકવણી કરવી જોઈશે:<br>(૧) અનુક્રમાંક (૨) અને (૩) માટે, પ્રથમ માહિતી અહેલાલ (એફ.આઈ.આર) મળે તે તબક્કે ૧૦ ટકા અને અનુક્રમાંક (૧), (૪) અને (૫) માટે, પ્રથમ માહિતી અહેવાલ મળે તે તબક્કે ૨૫ ટકા;<br>(૨) તહોમતનામું કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા;<br>(૩) અનુક્રમાંક (૨) અને (૩) માટે, નીચલી અદાલત દ્વારા આરોપીને દોષિત ઠરાવવામાં આવે, ત્યારે ૪૦ ટકા અને અનુક્રમાંક (૧), (૪) અને (૫) માટે તે જ પ્રમાણે ૨૫ ટકા. |
| ૨. | પ્રાણીના મળ-મૂત્ર, મળપાણી, પશુના મડદાં અથવા અન્ય કોઈ ધૃણાસ્પદ પદાર્થ નાખવા [અધિનિયમની કલમ ૩(૧)(ખ)] | |
| ૩. | હાનિ, અપમાન કે ત્રાસ કરવાના આશયથી પ્રાણીના મળ-મૂત્ર, બગડી ગયેલા પદાર્થ, પશુના મડદાં અથવા અન્ય કોઈ ધૃણાસ્પદ પદાર્થ નાખવા [અધિનિયમની કલમ ૩(૧)(ગ)] | |
| ૪. | પગરખાંનો હાર પહેરાવવો અથવા નગ્ન અથવા અર્ધનગ્ન કરીને પરેડ કરાવવી [અધિનિયમની કલમ ૩(૧)(ઘ)] | |
| ૫. | કોઈ વ્યક્તિના શરીર પરનાં કપડાં બળપૂર્વક ઉતારવા, બળપૂર્વક મૂંડન કરાવવું, મૂંછો કઢાવવી, ચહેરા કે શરીરને રંગવા જેવા કૃત્યો કરવા [અધિનિયમની કલમ ૩(૧)(ચ)] | |
| ૬. | જમીનનો ગેરકાયદે ભોગવટો કરવો અથવા તેમાં ખેતી કરવી [અધિનિયમની કલમ ૩(૧)(છ)] | ભોગ બનનારને એક લાખ રૂપિયા. જરૂરી હોય, ત્યાં જમીન અથવા જગા અથવા પાણીના પુરવઠા અથવા |

| | | |
|---|---|---|
| ૭. | કોઈ વ્યક્તિને તેની જમીન કે જગાના કબજામાંથી ગેરકાયદે હટાવવી અથવા વન-હક સહિતના હક (ના ભોગવટા)માં દખલગીરી કરવી [અધિનિયમની કલમ ૩(૧)(જ)] | સિંચાઈની સુવિધા, સંબંધિત રાજ્ય સરકાર અથવા સંઘપ્રદેશના વહીવટીતંત્ર દ્વારા સરકારી ખર્ચે પુનઃસ્થાપિત (પૂર્વવત્) કરવી જોઈશે. ભોગ બનનારને નીચે પ્રમાણે ચુકવણી કરવી જોઈશે:<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર) મળે તે તબક્કે ૨૫ ટકા;<br>(૨) આરોપનામું કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા;<br>(૩) નીચલી અદાલત દ્વારા આરોપીને દોષિત ઠરાવવામાં આવે, ત્યારે ૨૫ ટકા. |
| ૮. | વેઠ અથવા તેવા પ્રકારની બીજી બળજબરી પૂર્વકની કે બંધનયુક્ત મજૂરી [અધિનિયમની કલમ ૩(૧)(ઝ)] | ભોગ બનનારને એક લાખ રૂપિયા. ભોગ બનનારને નીચે પ્રમાણે ચુકવણી કરવી જોઈશે:<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર) મળે તે તબક્કે ૨૫ ટકા;<br>(૨) આરોપનામું કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા;<br>(૩) નીચલી અદાલત દ્વારા આરોપીને દોષિત ઠરાવવામાં આવે, ત્યારે ૨૫ ટકા. |
| ૯. | માનવ અથવા પશુના મડદાંનો નિકાલ કરવા અથવા તે ઉપાડવા અથવા કબર ખોદવા માટે ફરજ પાડવી [અધિનિયમની કલમ ૩(૧)(ટ)] | |
| ૧૦. | અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો પાસે મેલું ઉપાડાવવું અથવા આવા હેતુ માટે તેમને કામે રાખવા [અધિનિયમની કલમ ૩(૧)(ઠ)] | |
| ૧૧. | અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની મહિલા પાસે દેવદાસી તરીકે કાર્ય કરાવવું અથવા તેને દેવદાસી તરીકે | |

| | | |
|---|---|---|
| | સમર્પિત કરવાની બાબતને પ્રોત્સાહન આપવું [અધિનિયમની કલમ ૩(૧)(ડ)] | |
| ૧૨. | મત આપતા અથવા નામ રજૂ કરતાં અટકાવવું [અધિનિયમની કલમ ૩(૧)(ઢ)] | ભોગ બનનારને પંચ્યાશી હજાર રૂપિયા. ભોગ બનનારને નીચે પ્રમાણે ચુકવણી કરવી જોઈશે:<br>(૧) પ્રથમ માહિતી અહેલાલ (એફ.આઈ.આર) મળે તે તબક્કે ૨૫ ટકા;<br>(૨) આરોપનામું કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા;<br>(૩) નીચલી અદાલત દ્વારા આરોપીને દોષિત ઠરાવવામાં આવે, ત્યારે ૨૫ ટકા. |
| ૧૩. | પંચાયત અથવા નગરપાલિકાના હોદ્દેદારોને તેમની ફરજ બજાવવા માટે દબાણ કરવું, ધાકધમકી આપવી અથવા તેમાં અવરોધ ઊભો કરવો [અધિનિયમની કલમ ૩(૧)(ત)] | |
| ૧૪. | મતદાન પછીની હિંસા અને સામાજિક અને આર્થિક બહિષ્કાર (બોયકોટ) કરવો [અધિનિયમની કલમ ૩(૧)(થ)] | |
| ૧૫. | અમુક ઉમેદવારને મત આપવા અથવા મત ન આપવા અંગેના આ અધિનિયમ હેઠળના કોઈ ગુના કરવા [અધિનિયમની કલમ ૩(૧)(દ)] | |
| ૧૬. | ખોટી, દ્વેષપૂર્ણ અથવા ત્રાસદાયક કાનૂની કાર્યવાહી શરૂ કરવી [અધિનિયમની કલમ ૩(૧)(ધ)] | ભોગ બનનારને પંચાશી હજાર રૂપિયા અથવા ખરેખર થયેલ કાનૂની ખર્ચ અને નુકસાનની ભરપાઈ કરવી, બેમાંથી જે ઓછું હોય તે. ભોગ બનનારને નીચે પ્રમાણે ચુકવણી કરવી જોઈશે:<br>(૧) પ્રથમ માહિતી અહેલાલ (એફ.આઈ.આર) મળે તે તબક્કે ૨૫ ટકા;<br>(૨) આરોપનામું કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા;<br>(૩) નીચલી અદાલત દ્વારા આરોપીને દોષિત ઠરાવવામાં આવે, ત્યારે ૨૫ ટકા. |

| | | |
|---|---|---|
| ૧૭. | જાહેર સેવકને ખોટી અને ક્ષુલ્લક માહિતી આપવી [અધિનિયમની કલમ ૩ (૧)(ન)] | ભોગ બનેલાને રૂપિયા એક લાખ અથવા વાસ્તવિક કાનૂની ખર્ચ અને નુકસાનની ભરપાઇ, બેમાંથી ઓછું હોય તે. ચુકવણી નીચે મુજબ કરવામાં આવશે : (૧) પ્રથમ માહિતી અહેવાલ (એફઆઇઆર)ના તબક્કાએ ૨૫ ટકા; (૨) આરોપનામું કોર્ટને મોકલવામાં આવે ત્યારે ૫૦ ટકા; (૩) આરોપીને નીચલી કોર્ટ દ્વારા દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા. |
| ૧૮. | લોકોની દ્દષ્ટિ (નજર) પડે તેવા કોઇ સ્થળમાં ઇરાદાપૂર્વક અપમાન કરવું અથવા ધાકધમકી આપવી અથવા માનહાનિ કરવી [અધિનિયમની કલમ ૩ (૧)(પ) ] | ભોગ બનેલાને રૂપિયા એક લાખ. ચુકવણી નીચે મુજબ કરવામાં આવશે : |
| ૧૯. | લોકોની દ્દષ્ટિ પડે તેવા કોઇ સ્થળમાં જ્ઞાતિના નામે અપશબ્દ બોલવા [અધિનિયમની કલમ ૩ (૧)(ફ) ] | (૧) પ્રથમ માહિતી અહેવાલ (એફઆઇઆર)ના તબક્કાએ ૨૫ ટકા; |
| ૨૦. | પવિત્ર અથવા ઉચ્ચ આદરભાવ સાથે રાખવામાં આવેલી કોઇ વસ્તુને નુકસાન પહોંચાડવું, હાનિ પહોંચાડવી અથવા અપવિત્ર કરવી [અધિનિયમની કલમ ૩ (૧)(બ) ] | (૨) આરોપનામું કોર્ટને મોકલવામાં આવે ત્યારે ૫૦ ટકા; |
| ૨૧. | દુશ્મની, નફરત અથવા બદઇરાદાપૂર્વકની લાગણીને ઉત્તેજન આપવું [અધિનિયમની કલમ ૩ (૧)(ભ) ] | (૩) આરોપીને નીચલી કોર્ટ દ્વારા દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા. |
| ૨૨. | ઉચ્ચ આદરભાવ ધરાવતી કોઇ સ્વર્ગસ્થ વ્યકિતનું શબ્દોથી અથવા બીજા કોઇ માધ્યમથી અનાદાર કરવો [અધિનિયમની કલમ ૩ (૧)(મ) ] | |
| ૨૩. | જાતીય પ્રકારના કૃત્ય તરીકેના કાર્યો અથવા હાવભાવ કરીને, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સ્ત્રીને તેણીની સંમતિ વિના ઇરાદાપૂર્વક સ્પર્શ કરવો [અધિનિયમની કલમ ૩ (૧)(ય) ] | ભોગ બનેલાને રૂપિયા બે લાખ. ચુકવણી નીચે મુજબ કરવામાં આવશે : (૧) પ્રથમ માહિતી અહેવાલ (એફઆઇઆર)ના તબક્કાએ ૨૫ ટકા; (૨) આરોપનામું કોર્ટને મોકલવામાં આવે ત્યારે ૫૦ ટકા; (૩) આરોપીને નીચલી કોર્ટ દ્વારા |

| | | |
|---|---|---|
| | | દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા. |
| ૨૪. | ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫મા) ની કલમ ૩ ૨૬ખ- સ્વૈચ્છિક રીતે એસિડ ફેંકવો અથવા ફેંકવાનો પ્રયત્ન કરવો [અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩ (૨) (મક) ] | (ક) ચહેરા પર ૨ ટકા અને તેથી વધુ પ્રમાણમાં દાઝવાના કારણે ઇજા અને આંખ, કાન, નાક અને મોંઢાની કાર્યાત્મક ઇજા અને/અથવા શરીર પર ૩૦ ટકા કરતાં વધુ પ્રમાણમાં દાઝવાના કારણે ઇજા થવાના કિસ્સામાં ભોગ બનેલાને રૂપિયા આઠ લાખ અને પચીસ હજાર;<br>(ખ) શરીર પર ૧૦ ટકાથી ૩૦ ટકા વચ્ચે દાઝવાના કારણે ઇજા સાથેના ભોગ બનેલાને રૂપિયા ચાર લાખ અને પંદર હજાર;<br>(ગ) ચહેરા સિવાયના શરીર પર ૧૦ ટકા ઓછા પ્રમાણમાં દાઝવાના કારણે ઇજા સાથેના ભોગ બનેલાને રૂપિયા પંચાશી હજાર.<br>તદ્ઉપરાંત, રાજ્ય સરકાર અથવા સંઘ પ્રદેશ, એસિડ હુમલાના ભોગ બનેલાની સારવાર માટે પૂરેપૂરી જવાબદારી લેશે.<br>બાબતો (ક) થી (ગ) ના સંદર્ભમાં ચુકવણી નીચે મુજબ કરવામાં આવશે :<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (એફઆઇઆર)ના તબક્કાએ ૫૦ ટકા;<br>(૨) તબીબી અહેવાલ મળ્યા પછી ૫૦ ટકા. |
| ૨૫. | ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫મા)ની કલમ ૩૫૪- લજ્જાભંગ કરવાના ઇરાદા સાથે સ્ત્રી પર હુમલો કરવો અથવા ગુનાહિત બળનો ઉપયોગ કરવો.<br>[અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩(૨) (મક)] | ભોગ બનેલાને રૂપિયા બે લાખ.<br>ચુકવણી નીચે મુજબ કરવામાં આવશે :<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (એફઆઇઆર)ના તબક્કાએ ૫૦ ટકા:<br>(૨) આરોપનામું કોર્ટને મોકલવામાં આવે ત્યારે ૨૫ ટકા.<br>(૩) નીચલી કોર્ટ દ્વારા ફોજદારી કાર્યવાહી પૂર્ણ થયેથી ૨૫ ટકા. |

| | | |
|---|---|---|
| ૨૬. | ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫મા)ની કલમ ૩૫૪ક- જાતીય સતામણી અને જાતીય સતામણી માટે શિક્ષા. [અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩૨ (મક) ] | ભોગ બનેલાને રૂપિયા બે લાખ. ચુકવણી નીચે મુજબ કરવામાં આવશે : (૧) પ્રથમ માહિતી અહેવાલ (એફઆઇઆર)ના તબક્કાએ ૫૦ ટકા; (૨) આરોપનામું કોર્ટને મોકલવામાં આવે ત્યારે ૨૫ ટકા; (૩) નીચલી કોર્ટ દ્વારા ફોજદારી કાર્યવાહી પૂર્ણ થયેથી ૨૫ ટકા. |
| ૨૭. | ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫-મા)ની કલમ ૩૫૪ ખ- કોઇ સ્ત્રીના કપડાં ઉતારવાના ઇરાદાથી તેના ઉપર હુમલો કરે કે ફોજદારી બળપ્રયોગ કરે (અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩(૨) (મક) | ભોગ બનનારને બે લાખ રૂપિયા. ચુકવણી નીચે મુજબ કરવી જોઇશે: (૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR)ના તબક્કે ૫૦ ટકા. (૨) ચાર્જશીટ કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૨૫ ટકા. (૩) નીચલી અદાલત દ્વારા અદાલતી કાર્યવાહીના અંતે ૨૫ ટકા. |
| ૨૮. | ભારતના ફોજદારી અધિનિયમ અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫મા) ની કલમ ૩૫૪ ગ- જાતીયશોષણ (અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩(૨) (મક) | ભોગ બનનારને બે લાખ રૂપિયા. ચુકવણી નીચે મુજબ કરવી જોઇશે: (૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR)ના તબક્કે ૧૦ ટકા. (૨) ચાર્જશીટ કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા. (૩) નીચલી અદાલત દ્વારા અદાલતી કાર્યવાહીના અંતે ૪૦ ટકા. |
| ૨૯. | ભારતના ફોજદારી અધિનિયમ અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫) ની કલમ ૩૫૪ ઘ- સતત પજવણી (અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩(૨) (મક)) | ભોગ બનનારને બે લાખ રૂપિયા. ચુકવણી નીચે મુજબ કરવી જોઇશે: (૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR)ના તબક્કે ૧૦ ટકા. (૨) ચાર્જશીટ કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા. (૩) નીચલી અદાલત દ્વારા અદાલતી કાર્યવાહીના અંતે ૪૦ ટકા. |

| | | |
|---|---|---|
| 30. | ભારતના ફોજદારી અધિનિયમ અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫) ની કલમ ૩૭૬ ખ- લગ્નવિચ્છેદ દરમિયાન પતિ દ્વારા પત્નિ પર કરવામાં આવેલ જાતીય સંભોગ (અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩(૨) (મક)) | ભોગ બનનારને બે લાખ રૂપિયા. ચુકવણી નીચે મુજબ કરવી જોઇશે:<br>(૧) તબીબી તપાસ અને પુષ્ટિ રિપોર્ટ (અહેવાલ) પછી ૫૦ ટકા.<br>(૨) ચાર્જશીટ કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૨૫ ટકા.<br>(૩) નીચલી અદાલત દ્વારા આરોપીને ગુનેગાર ઠરાવવામાં આવે, ત્યારે ૨૫ ટકા. |
| ૩૧. | ભારતના ફોજદારી અધિનિયમ અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫) ની કલમ ૩૭૬ ગ- સત્તા ધરાવતી વ્યક્તિ દ્વારાજાતીય સંભોગ કરે ( અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩(૨) (મક)) | ભોગ બનનારને ચાર લાખ રૂપિયા. ચુકવણી નીચે મુજબ કરવી જોઇશે:<br>(૧) તબીબી તપાસ અને પુષ્ટિ રિપોર્ટ (અહેવાલ) પછી ૫૦ ટકા.<br>(૨) ચાર્જશીટ કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૨૫ ટકા.<br>(૩) નીચલી અદાલત દ્વારા આરોપીને ગુનેગાર ઠરાવવામાં આવે, ત્યારે ૨૫ ટકા. |
| ૩૨. | ભારતના ફોજદારી અધિનિયમ અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫) ની કલમ ૫૦૯- સ્ત્રીના માનભંગના ઇરાદાથી શબ્દ, હાવભાવ અથવા કૃત્ય કરે<br>(અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ ૩(૨) (મક)) | ભોગ બનનારને બે લાખ રૂપિયા. ચુકવણી નીચે મુજબ કરવી જોઇશે:<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR)ના તબક્કે ૨૫ ટકા.<br>(૨) ચાર્જશીટ કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા.<br>(૩) નીચલી અદાલત દ્વારા આરોપીને ગુનેગાર ઠરાવવામાં આવે, ત્યારે ૨૫ ટકા. |
| 33. | જલને દૂષિત અથવા મેલું કરે<br>(અધિનિયમની કલમ ૩ (૧) (૧૦) ) | જળ દૂષિત કરવામાં આવ્યું હોય, ત્યારેરાજ્ય સરકાર દ્વારા અથવા સંઘપ્રદેશના વહીવટ દ્વારા સામાન્ય સુવિધાઓ માટેના પુનઃસ્થાપનનો તમામ ખર્ચ ભોગવવામાં આવશે. તે ઉપરાંત, સ્થાનિક મંડળ સાથે વિચાવિનિમય કરીને, જિલ્લા સત્તામંડળ દ્વારા નક્કી |

| | | |
|---|---|---|
| | | કરવામાં આવે તેમ કુદરતી સામુદાયિક સંપત્તિ(અસ્કયામત) ઊભી કરવા આઠ લાખ પચ્ચીસ હજાર રૂપિયાની રકમ જિલ્લા મેજિસ્ટ્રેટને જમા કરાવવા જોઇશે. |
| ૩૪. | જાહેર આશ્રયસ્થાનમાં આવવા જવાના કોઇ રૂઢિગત હકનો ઇનકાર કરવો અથવા જાહેર આશ્રયસ્થાનનો ઉપયોગ કરવા અથવા તેમાં આવવા જવામાં અડચણ ઊભી કરે [અધિનિયમની કલમ ૩ (૧) (લ )] | ભોગ બનનારને ચાર લાખ પચ્ચીસહજાર રૂપિયા. ચુકવણી નીચે મુજબ કરવી જોઇશે:<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR)ના તબક્કે ૨૫ ટકા.<br>(૨) ચાર્જશીટ કોર્ટને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા.<br>(૩) નીચલી અદાલત દ્વારા આરોપીને ગુનેગાર ઠરાવવામાં આવે, ત્યારે ૨૫ ટકા. |
| ૩૫. | ઘર, ગામ, નિવાસસ્થાન, નિવાસસ્થાનની જગા છોડવા દબાણ કરે [અધિનિયમની કલમ ૩ (૧) (વ )] | રાજ્ય સરકાર દ્વારા અથવા સંઘપ્રદેશના વહીવટ દ્વારા સ્થળ અથવા ઘરમાં રહેવાના હકનું પુનઃસ્થાપન અને ભોગ બનનારને એક લાખ રૂપિયાની રાહત અને ઘરનો નાશ થયેલહોય, તો સરકારના ખર્ચે તેનું પુનઃબાંધકામ. ચુકવણી નીચે મુજબ કરવી જોઇશે:<br><br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઇ.આર.)ના તબક્કે, ૨૫ ટકા;<br>(૨) આરોપનામું (ચાર્જશીટ) અદાલતને મોકલવામાં આવે ત્યારે ૫૦ ટકા;<br>(૩) આરોપીને નીચલી અદાલત દ્વારા ગુનેગાર ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા. |
| ૩૬. | અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને નીચેની બાબતોના સંબંધમાં કોઇપણ રીતે રોકવા અથવા | |

| | | |
|---|---|---|
| | અટકાવવા માટે-<br>(ક) અન્ય સાથે સમાન રીતે વિસ્તારની સામાન્ય મિલકતના સ્ત્રોતો અથવા અન્ત્યવિધિ અથવા અંતિમ સંસ્કારની જગ્યાનો ઉપયોગ કરતા અથવા કોઇ નદી, વહેળો, ઝરો, કુવો, ટાંકી, હોજ, પાણીનો નળ અથવા અન્ય હવાડા અથવા કોઇ સ્નાન ઘાટ, કોઇ જાહેર વાહન, કોઇ રસ્તા અથવા માર્ગનો ઉપયોગ કરતાં [અધિનિયમની કલમ ૩(૧) (વક) (ખ)] | (ક) સંબંધિત રાજ્ય સરકારે અથવા કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્ર-એ, અન્ય સાથે સમાન રીતે વિસ્તારની સામાન્ય મિલકતના સ્ત્રોતો અથવા અન્ત્યવિધિ અથવા અંતિમ સંસ્કારની જગ્યાનો સામાન્ય ઉપયોગ કરવા અથવા અન્ય સાથે સમાન રીતે કોઇ નદી, વહેળો, ઝરો, કૂવો, ટાંકી, હોજ, પાણીનો નળ અથવા અન્ય હવાડા અથવા કોઇ સ્નાન ઘાટ, કોઇ જાહેર વાહન, કોઇ રસ્તા અથવા માર્ગનો ઉપયોગ કરવાના હકનું પુનઃસ્થાપન કરવું અને ભોગ બનેલ વ્યક્તિને એક લાખ રૂપિયાની સહાય આપવી. નીચે મુજબ ચૂકવણી કરવી:<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઇ.આર.)ના તબક્કે, ૨૫ ટકા;<br>(૨) આરોપનામું (ચાર્જશીટ) અદાલતને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા;<br>(૩) આરોપીને નીચલી અદાલત દ્વારા ગુનેગાર ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા. |
| | (ખ) સાઇકલ અથવા મોટર સાઇકલ પર સવારી કરતાં અથવા ચલાવતાં અથવા જાહેર સ્થળોએ પગરખાં અથવા નવા કપડાં પહેરતાં અથવા લગ્નનો વરઘોડો કાઢતાં અથવા લગ્નનો વરઘોડાઓ દરમિયાન ઘોડો અથવા અન્ય કોઇ | (ખ) સંબંધિત રાજ્ય સરકારે અથવા કેન્દ્રશાશિત પ્રદેશના વહીવટીતંત્ર-એ, અન્ય સાથે સમાન રીતે સાઇકલ અથવા મોટર સાઇકલ પર સવારી કરવા અથવા ચલાવવા અથવા જાહેર સ્થળોએ પગરખાં અથવા નવા |

| | | |
|---|---|---|
| | વાહનની સવારી કરતાં [અધિનિયમની કલમ ૩(૧) (વક) (ખ)] | કપડાં પહેરવા અથવા લગ્નનો વરઘોડો કાઢવા અથવા લગ્નનો વરઘોડાઓ દરમિયાન ઘોડા અથવા અન્ય કોઇ વાહનની સવારી કરવાના હકનું પુન:સ્થાપન કરવું અને ભોગ બનેલ વ્યક્તિને એક લાખ રૂપિયાની સહાય આપવી. નીચે મુજબ ચૂકવણી કરવી:<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઇ.આર.)ના તબક્કે, ૨૫ ટકા;<br>(૨) આરોપનામું (ચાર્જશીટ) અદાલતને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા;<br>(૩) આરોપીને નીચલી અદાલત દ્વારા ગુનેગાર ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા. |
| | (ગ) જાહેર પ્રજા માટે અથવા તે ધર્મ શીખવતી અન્ય વ્યક્તિઓ માટે ખુલ્લા હોય તેવા કોઇ પ્રાર્થના-પૂજાના સ્થળે અટકાવતાં અથવા જાત્રા સહિત કોઇપણ ધર્મ, સામાજિક અથવા સાંસ્કૃતિક સરઘસોમાં ભાગ લેતાં અથવા તે કાઢતાં | (ગ) સંબંધિત રાજ્ય સરકારે અથવા કેન્દ્રશાશિત પ્રદેશના વહીવટીતંત્ર-એ, અન્ય વ્યક્તિઓ સાથે સમાન રીતે, જાહેર પ્રજા માટે અથવા તે ધર્મ શીખવતી અન્ય વ્યક્તિઓ માટે ખુલ્લા હોય તેવા કોઇ પ્રાર્થના-પૂજાના સ્થળે અટકાવવા અથવા જાત્રા સહિત કોઇપણ ધર્મ, સામાજિક અથવા સાંસ્કૃતિક સરઘસોમાં ભાગ લેવાના અથવા તે કાઢવાના હકનું પુન:સ્થાપન કરવું અને ભોગ બનેલ વ્યક્તિને એક લાખ રૂપિયાની સહાય આપવી. નીચે મુજબ ચૂકવણી કરવી:<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ |

| | | |
|---|---|---|
| | | (એફ.આઇ.આર.)ના તબક્કે, ૨૫ ટકા;<br>(૨) આરોપનામું (ચાર્જશીટ) અદાલતને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા;<br>(૩) આરોપીને નીચલી અદાલત દ્વારા ગુનેગાર ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા. |
| | (ધ) કોઇપણ શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ, દવાખાનું, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દુકાન અથવા જાહેર મનોરંજન સ્થળ અથવા અન્ય કોઇ જાહેર સ્થળમાં પ્રવેશતાં અથવા જાહેર પ્રજા માટે ખુલ્લા હોય તેવા કોઇ સ્થળમાં જાહેર ઉપયોગ માટે હોય તેવા કોઇ સાધનો અથવા વસ્તુઓનો ઉપયોગ કરતાં | (ધ) સંબંધિત રાજ્ય સરકારે અથવા કેન્દ્રશાશિત પ્રદેશના વહીવટીતંત્ર-એ, અન્ય વ્યક્તિઓ સાથે સમાન રીતે, કોઇપણ શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ, દવાખાનું, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દુકાન અથવા જાહેર મનોરંજન સ્થળ અથવા અન્ય કોઇ જાહેર સ્થળમાં પ્રવેશવાના અથવા જાહેર પ્રજા માટે ખુલ્લા હોય તેવા કોઇ સ્થળમાં જાહેર ઉપયોગ માટે હોય તેવા કોઇ સાધનો અથવા વસ્તુઓનો ઉપયોગ કરવાના હકનું પુનઃસ્થાપન કરવું અને ભોગ બનેલ વ્યક્તિને એક લાખ રૂપિયાની સહાય આપવી. નીચે મુજબ ચૂકવણી કરવી:<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઇ.આર.)ના તબક્કે, ૨૫ ટકા;<br>(૨) આરોપનામું (ચાર્જશીટ) અદાલતને મોકલવામાં આવે, ત્યારે ૫૦ ટકા;<br>(૩) આરોપીને નીચલી અદાલત દ્વારા ગુનેગાર ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા. |

| | | |
|---|---|---|
| | (ચ) જાહેર જનતા અથવા તેના કોઇ ભાગના બીજા સભ્યોને કોઇ વ્યવસાય કરવાનો અથવા રોજગાર, વ્યાપાર કે ધંધો અથવા કોઇ નોકરીમાં રોજગાર મેળવવાનો અધિકાર હોય અથવા વાપરવાનો અધિકાર હોય.<br>[અધિનિયમની કલમ ૩(૧) (વક) (ચ) ] | (ચ) જાહેર જનતા અથવા તેના કોઇ ભાગના બીજા સભ્યોને કોઇ વ્યવસાય કરવાનો અથવા રોજગાર, વ્યાપાર કે ધંધો અથવા કોઇ નોકરીમાં રોજગાર મેળવવાનો અધિકાર હોય અથવા વાપરવાનો અધિકાર હોય, તે અધિકારનું સંબંધિત રાજ્ય સરકાર દ્વારા/ કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્ર દ્વારા પુનઃ સ્થાપન અને ભોગ બનેલાને એક લાખ રૂપિયાની રાહત. ચૂકવણી નીચે મુજબ કરવી :<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR) ના તબક્કે ૨૫ ટકા ;<br>(૨) આરોપનામુ કોર્ટમાં મોકલવામાં આવે ત્યારે ૫૦ ટકા;<br>(૩) આરોપીઓને નીચલી અદાલત (કોર્ટ) દ્વારા દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા ; |
| ૩૭. | ડાકણ તરીકેનો આક્ષેપ કરીને શારીરિક હાનિ પહોંચાડવી અથવા માનસિક યાતના આપવી અથવા જાદુટોણાં કરવા અથવા જાદુગર તરીકે કામ કરવું.<br>[અધિનિયમની કલમ ૩(૧) (વખ) ] | પીડિતને એક લાખ રૂપિયા અને ભોગ બનેલાને ભોગવવા પડેલ અનાદર, અપમાન, ઇજા અને બદનામીને અનુરૂપ ચૂકવણી નીચે મુજબ કરવી :<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR) ના તબક્કે ૨૫ ટકા ;<br>(૨) આરોપનામુ કોર્ટમાં મોકલવામાં આવે ત્યારે ૫૦ ટકા;<br>(૩) આરોપીઓને નીચલી અદાલત (કોર્ટ) દ્વારા દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા ; . |
| ૩૮. | સામાજિક અથવા આર્થિક બહિષ્કાર લાદવો અથવા તે બહિષ્કાર લાદવાની ધમકી | સંબંધિત રાજ્ય સરકાર દ્વારા અથવા કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્ર દ્વારા તમામ આર્થિક અને સામાજિક |

| | | |
|---|---|---|
| | આપવી. [અધિનિયમની કલમ ૩(૧) (વગ) ] | સેવાઓનું બીજી વ્યકિતઓની સાથે સમાન રીતે પુનઃ સ્થાપન અને ભોગ બનનારને એક લાખ રૂપિયાની રાહત નીચલી અદાલતને આરોપનામુ મોકલવામાં આવે ત્યારે પૂરું ચૂકવવું. |
| ૩૯. | ખોટો પુરાવો આપવો અથવા ખોટો પુરાવો ઉભો કરવો.<br><br>[અધિનિયમની કલમ ૩(૨)(૧) અને (૨) ] | ભોગ બનેલાને (પીડીત)ને ચાર લાખ પંદર હજાર રૂપિયા. ચુકવણી નીચે મુજબ કરવી :<br><br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR) ના તબક્કે ૨૫ ટકા ;<br><br>(૨) આરોપનામુ કોર્ટમાં મોકલવામાં આવે ત્યારે ૫૦ ટકા;<br><br>(૩) આરોપીઓને નીચલી અદાલત (કોર્ટ) દ્વારા દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા ; |
| ૪૦. | ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦નો ૪૫મો.) હેઠળ દસ વર્ષ અથવા તેની વધુની મુદતના કેદની શિક્ષા સાથેના સજાપાત્ર ગુના કરવા માટે.<br><br>[અધિનિયમની કલમ ૩(૨)] | ભોગ બનેલાને અથવા તેના આશ્રિતોને ચાર લાખ રૂપિયા આ અનુસૂચિમાં સ્પષ્ટરીતે અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, રકમમાં ફેરફાર થશે.<br><br>ચુકવણી નીચે મુજબ કરવી :<br><br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR) ના તબક્કે ૨૫ ટકા ;<br><br>(૨) આરોપનામુ કોર્ટમાં મોકલવામાં આવે ત્યારે ૫૦ ટકા;<br><br>(૩) આરોપીઓને નીચલી અદાલત (કોર્ટ) દ્વારા દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા ; |
| ૪૧. | અધિનિયમની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦નો ૪૫મો.) હેઠળના ગુના કરવા માટે, ભારતના ફોજદારી અધિનિયમ હેઠળ | ભોગ બનેલાને અથવા તેના આશ્રિતોને બે લાખ રૂપિયા આ અનુસૂચિમાં સ્પષ્ટરીતે અન્યથા જોગવાઇ કરી હોય તે |

| | | |
|---|---|---|
| | આવા ગુના માટે નિર્દિષ્ટ કરી હોય તે પ્રમાણેની તેટલી રકમ સાથે સજાપાત્ર થશે.<br>[અધિનિયમની અનુસૂચિ સાથે વાંચતા કલમ કલમ ૩(૨) (મક)] | સિવાય, રકમમાં ફેરફાર થશે.<br>ચુકવણી નીચે મુજબ કરવી :<br>(૧) પ્રથમ માહિતી અહેવાલ (FIR) ના તબક્કે ૨૫ ટકા ;<br>(૨) આરોપનામુ કોર્ટમાં મોકલવામાં આવે ત્યારે ૫૦ ટકા;<br>(૩) આરોપીઓને નીચલી અદાલત (કોર્ટ) દ્વારા દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૨૫ ટકા ; |
| ૪૨. | જાહેર સેવક દ્વારા શોષણ (કિન્નાખોરી) | ભોગ બનેલાને અથવા તેના આશ્રિતોને બે લાખ રૂપિયા. ચુકવણી નીચે મુજબ કરવી :<br>(૧) ૨૫ ટકા. પ્રથમ માહિતી અહેવાલ (એફઆઈઆર)ના તબક્કાએ,<br>(૨) ૫૦ ટકા. ચાર્જશીટ (આરોપનામું), જયારે કોર્ટને મોકલવામાં આવ્યું હોય ત્યારે;<br>(૩) ૨૫ ટકા. જયારે નીચલી કોર્ટે આરોપીને ગુનેગાર ઠરાવેલ હોય ત્યારે. |
| ૪૩. | અશકતતા.- વિવિધ અશકતતાઓના મૂલ્યાંકન માટેની માર્ગદર્શિકા અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ ૧લી જૂન, ૨૦૦૧નું જાહેરનામું ક્રમાંક : ૧૬-૧૮/૯૭-એનઆઈમાં જણાવેલ પ્રમાણન માટેની કાર્યરીતિ. એનેક્ષર-૨માં જાહેરનામાની નકલ છે.<br>(ક) ૧૦૦ ટકા અસમર્થતા | આઠ લાખ અને પચીસ હજાર રૂપિયાનો ભોગ.<br>નીચે પ્રમાણે ચુકવણી કરવાની રહે છે :-<br>(૧) ૫૦ ટકા. તબીબી પરીક્ષા અને તબીબી રિપોર્ટને સમર્થન; |

| | | |
|---|---|---|
| | | (૨) ૫૦ ટકા. જયારે ચાર્જશીટ (આરોપનામું), કોર્ટને મોકલવામાં આવે ત્યારે ; |
| | (ખ) અસમર્થતા ૧૦૦ ટકાથી ઓછી હોય ત્યારે. પરંતુ ૫૦ ટકાથી વધારે હોય ત્યારે. | ચાર લાખ અને પચાસ હજાર રૂપિયાનો ભોગ.<br>નીચે પ્રમાણે ચુકવણી કરવાની રહે છે :-<br>(૧) ૫૦ ટકા. તબીબી પરીક્ષા અને તબીબી રિપોર્ટને સમર્થન;<br>(૨) ૫૦ ટકા. જયારે ચાર્જશીટ (આરોપનામું), કોર્ટને મોકલવામાં આવે ત્યારે ; |
| | (ગ) અસમર્થતા ૫૦ ટકાથી ઓછી હોય ત્યારે. | બે લાખ અને પચાસ હજાર રૂપિયાનો ભોગ.<br>નીચે પ્રમાણે ચુકવણી કરવાની રહે છે :-<br>(૧) ૫૦ ટકા. તબીબી પરીક્ષા અને તબીબી રિપોર્ટને સમર્થન;<br>(૨) ૫૦ ટકા. જયારે ચાર્જશીટ (આરોપનામું), કોર્ટને મોકલવામાં આવે ત્યારે ; |
| ૪૪. | બળાત્કાર અથવા ટોળીએ કરેલ બળાત્કાર.<br>(૧) (ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫મા)ની કલમ ૩૭૫ હેઠળનો ) બળાત્કાર. | ભોગ બનેલ પાંચ લાખ રૂપિયા.<br>નીચે પ્રમાણે ચુકવણી કરવાની રહે છે.<br>(૧) ૫૦ ટકા. તબીબી પરીક્ષા અને તબીબી રિપોર્ટને સમર્થન;<br>(૨) ૨૫ ટકા. જયારે ચાર્જશીટ (આરોપનામું), કોર્ટને મોકલવામાં આવે ત્યારે;<br>(૩) ૨૫ ટકા. નીચલી કોર્ટે કેસ ચલાવવાનો હોય ત્યારે. |
| | (૨) ટોળીએ કરેલ બળાત્કાર. (ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦ના ૪૫મા)ની કલમ ૩૭૬-ઘ. | આઠ લાખ અને પચીસ હજાર રૂપિયાનો ભોગ. |

| | | |
|---|---|---|
| | | નીચે પ્રમાણે ચુકવણી કરવાની રહે છે.<br><br>(૧) ૫૦ ટકા. તબીબી પરીક્ષા અને તબીબી રિપોર્ટને સમર્થન;<br><br>(૨) ૨૫ ટકા. જ્યારે ચાર્જશીટ (આરોપનામું), કોર્ટને મોકલવામાં આવે ત્યારે;<br><br>(૩) ૨૫ ટકા. નીચલી કોર્ટે કેસ ચલાવવાનો હોય ત્યારે. |
| ૪૫. | ખૂન અથવા મૃત્યુ. | આઠ લાખ અને પચીસ હજાર રૂપિયાનો ભોગ.<br><br>નીચે પ્રમાણે ચુકવણી કરવાની રહે છે.<br><br>(૧) ૫૦ ટકા. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ પછી;<br><br>(૨) ૫૦ ટકા. જ્યારે ચાર્જશીટ (આરોપનામું), કોર્ટને મોકલવામાં આવે ત્યારે. |
| ૪૬. | ખૂન, મૃત્યુ, હત્યાકાંડ, બળાત્કાર, ટોળીએ કરેલ બળાત્કાર, કાયમી અસમર્થતા અને ધાડ | ઉપરની બાબતો હેઠળ ચુકવાયેલી રાહત રકમો ઉપરાંત, અત્યાચારની તારીખથી ત્રણ મહિનાની સાથે ગોઠવવામાં આવી હોય તેવી રાહત.<br><br>(૧) વિધવાને મૂળ પેન્શન અથવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની મહિને પાંચ હજાર રૂપિયાની રકમ સંબંધિત રાજ્યના અથવા સંઘપ્રદેશ રાજ્યના સરકારી કર્મચારીને ગ્રાહય મોંઘવારી ભથ્થાં અને મૃતકના કુટુંબના એક સભ્યને રોજગાર અને કૃષિવિષયક જમીન, મકાન, જો ખરીદીથી બાહય હોય તો; |

| | | |
|---|---|---|
| | | (૨) સરકાર દ્વારા પૂર્ણ ફાળો આપેલી ભોગ બનેલ બાળકોને, સ્નાતક સ્તર સુધીના શિક્ષણનો પૂર્ણ ખર્ચ. બાળકોને આશ્રમ શાળાઓ.<br>(૩) વાસણ, ચોખા, ઘઉં, દાળ, કઠોળ વગેરે ત્રણ માસ સુધી ઉપલબ્ધ કરવા. |
| ૪૭. | પૂર્ણ વિનાશ પામેલ અથવા બળેલાં ઘરો. | ઇંટ અથવા પથ્થરના બનેલા સરકારી ખર્ચે બનેલા જો સળગાવવા અથવા વિનાશ કરવામાં આવ્યા હોય તો સરકારી ખર્ચે મકાનો ઉપલબ્ધ કરાવવા. |

[એફ. નં. ૧૧૦૧૨/૧/૨૦૧૬-પીસીઆર (ડેસ્ક) ]
એ.અનુરાગ, સંયુક્ત સચિવ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિષ્ણુ પટેલ
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ